અરજી આપ્યા તારીખ: ૦૨–૦૩–૨૦૧૩
હુકમ તારીખ: ૧૮–૧૨–૨૦૧૫
સમયગાળો : વર્ષ માસ દિવસ
01 09 16

**IN THE 2nd ADDITIONAL CIVIL & J.M.F.C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 30 OF 2013.**

**Plaintiff :**

**1.** RAJENDRASINH PRATAPSINH PARMAR + 1,
AT BOJADRA, TA JAMBUSAR
JAMBUSAR

**VERSUS**

**Defendant :**

1. PRATAPSINH RAYSINH PARMAR + 1,
AT BOJADRA, TA. JAMBUSAR,
DIS. BHARUCH.

Appearance:
L. A.MR. Y. F. SHAIKH For Plaintiff 1

L. A. MR. .J. A.MISTRI For Defendant 1

---

–: **આંક–૫ લગત હુકમ** :–

૧. વાદીની આંક–પની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે,

(૧) વાદીઓ ઉપર જણાવેલ સરનામે રહે છે અને દાવામાં જણાવેલ ખેતીની જમીનોમાં જાતે ખેતી કરી તેમના કુટુંબનું પાલન કરે છે, આ ખેતીની જમીનો સિવાય વાદીની બીજી કોઈ સ્થાવર કોઈ જમીન નથી, સદર દાવાવાળી જમીન વાદીઓના પરદાદાની વડીલોપાર્જીત જમીન છે, પ્રતિવાદી નં. ૧ તેઓના પિતા થાય છે અને તેઓની માતા મંજુલાબેન તેઓની સાથે રહે છે, બન્ને વૃધ્ધ ઉંમરનાં છે અને વાદીઓ જ તેઓની સારસંભાળ રાખે છે અને સ

ેવાચાકરી કરે છે અને તેમનું ભરણપોષણ કરે છે, તેઓના પિતા છેલ્લા દસેક વરસથી શરીરે અશકત છે અને ઝાઝુ ભણેલાનથી અને તેમને ફકત પોતાનીસહી કરતા આવડે છે, વાચતાં–લખતાં આવડતું નથી. વાદીઓના દાદાનું પેઢ ીનામું નીચે પ્રમાણે છે.

રાયસીહ કાભભાઈ પરમાર

મરણ તા.૪/૭/૬૩

ι ι ι

ગુજરાબેન ગુલાબસિંહ(પુત્ર) પ્રતાપસિહ

પત્ની મૈયત મૈયત (પુત્ર)મૈયત

પત્ની મૈયત ι ι

ι ι

ι

ι ι ι ι ι ι ι ι

નંદુબેન લક્ષ્મણસિંહ દરીયાબેન અમરસિંહ સવીતાબેન પ્રધ્યુમન અજબસિંહ ι

મૈયત પુત્ર હયાત પુત્રી હયાત પુત્ર હયાત પુત્રી હયાત પુત્ર હયાત પુત્રહયાત ι

ι

ι ι ι

મંજુલાબેન પત્ની હયાત રાજેન્દ્રસિંહ પુત્ર હયાત જયેન્દ્રસિંહ પુત્રહયાત

(૨) વાદીઓ તેમની આંક–પની અરજીમાં વધુમાં જણાવે છે કે, વાદીના દાદા ર ાયસીહ કાભઈભાઈ પરમારને તેમના વડીલો તરફથી ૧૫૦ વીઘા ઉપરાંતની ખેતીની જમીન વારસાઈમાં મળી હતી, જે જમીનો રાયસીહ ડાભઈભાઈ પરમારનું સને ૧૯૬૩મા મરણ થવાથી આ કામના પ્રતિવાદી નં. ૧ તથા તેમના સગાભાઈ ગુલાબસીહ રાયસીહ પરમારના હીસ્સે આવેલી. તેઓના દાદા મરણ પામ્યા ત્યારે પ્રતિવાદી નં. ૧ તથા તેઓના પિતા ખુબ જ નાની ઉંમરના હતા અને તેમની નાની ઉંમર દરમ્યાન નંદુબેન ગુલાબસીહ પરમાર તેમના ભાગની ેખેતીની જમીનોનો વહીવટ કરતા હતા, તેઓની જુવાની આવ્યા બાદ તેઓના લગ્ન થયેલા અને ત્યારપછીના થોડા વારસો સુધી તેઓ સંયુકત કુટુબમાં એટલે કે તેઓ તથા તેમના ભાઈ ગુલાબસીહના કુટુંબ સાથે રહેતા હતાં, પ્ર તિવાદી નં. ૧ના જણાવ્યા મુજબ ગુલાબસીહે તેમની સાથે સંયુકત કુટુંબમાં રહેવાનો તથા ગુજરાન ખર્ચ વિગેરે પ્ર

તિવાદી નં. ૧ને બતાવી તેમના સહીયારા વહીવટમાં તેમનું કુટુંબ મોટું હતું તેઓના ઉછેર તથા લગ્ન વિગેરે કરવાના સામાજીક ખર્ચાઓ કરી દેવું કરેલું, જે દેવાની રકમમાં વાદીના પિતાની પાસેથી છળકપટથી તેમજ ભોળવીને ૨૦ વીઘા ઉપરાંતની વડીલોપાર્જીત ખેતીની જમીન પોતાના ભાગમાં વધુ લઈ લીધેલ છે અને તેમ કરીને પ્રતિવાદી નં.૨ના પિતાએ તેઓના પિતાને સરખા હકકમાં અન્યાય કરેલો છે.

(૩) વાદી તેમની આંક–પની અરજીમાં વધુમાં જણાવે છે કે, વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ની વડીલોપાર્જીત વારસાઈ ખેતીની જમીન તેઓના પ્રત્યક્ષ કબજા ભોગવાટમાં છે, જેમાં તેઓ જાતે ખેતી કરે છે અને ચાલુ સાલે તેમાં તુવેર અને કપાસનો પાક કરેલો છે, તે ખેતીની જમીન ખાતા નં. ૧૦૬ મુજબની છે, જે મોજે બોજાદરા, તા. જંબુસર, જી. ભરુચ મુકામે આવેલ છે, જેનું વર્ણન નીચે મુજબ છે.

| સર્વે નંબર/બ્લોક નંબર | હે. આરે. ચોમી. | આકાર |
|---|---|---|
| ૯ અ | ૪–૭૧–૪૫ | ૪૪–૧૧ |
| ૯ બ | ૧–૫૦–૨૦ | ૧૨–૦૦ |
| | ૬–૨૨–૨૦ | ૫૬–૧૧ |

સદર જમીનોમાં આ કામના સંયુકત માલીક કબજેદાર પ્રતિવાદી નં.૧નાએ ખેતીના ખર્ચની જરુરિયાતો માટે વરસો પહેલાં જુદી જુદી સંસ્થાઓમાંથી લોન લીધેલી છે અને જે તે લોન જે તે સંસ્થામાં શાનગીરો મુકીને બોજો કરીને લીધેલ છે, સદર બોજો ગામ નમુના નં. ૭/૧૨ના ઉતારામાં નોંધાયેલો છે, સદર દાવાવાળી જમીનોમા વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ સંયુકત માલીક, સહમાલીક,સહ કબજેદાર છે અને સદર જમીનમાં તેઓએ હીસ્સો પાડેલ નથી કે જમીનની વહેંચણી કરી તેના ક્ષેત્રફળ અલગ પાડેલાં નથી અને તમામ સંયુકત જમીનોમાં તેઓ સંયુકત ખેતી કરે છે અને વાદીઓ કે પ્રતિ.નં.૧નો કોઈપણ સ્વતંત્ર લાગભાગ હકક હીસ્સો નકકીકરેલોનથી કે તેવા કોઈ હીસ્સામાં કોઈનો સ્વતંત્ર કબજો ભોગવટો નથી. આમ દાવાવાળી જમીનમાં વાદીઓ જાતે ખેતી કરે છે અને વાદીઓ સાથે પ્રતિવાદી નં. ૧ તેમના પિતા તથા તેમની માતા રહે છે અને તેઓના સંયુકત હીસ્સાની દાવામાં જણાવેલી જમીનમાં પણ વાદીઓ જ ખેતી કરે છે, પરંતુ રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી જમીન પ્રતિ. નં. ૧ હયાત હોવાથી તેમના નામે જ છે, જયારે વાદી વારસાઈ હકકકે વડીલોપાર્જીત જમીનના સહમાલીક સહકબજેદાર છે. પ્રતિવાદી નં. ૧ નાએ તા. ૨૭–૫–૦૫ના રોજ પ્રતિવાદીનં.૨ નાને દાવાવાળી ખેતીની જમીનનો રજી.વે.દસ્તાવેજ કરી આપ્યાની હકીકત વાદીઓએ ગયા વર્ષે જાણવા મળેલ હોય ગયા વરસે પ્રતિવાદી નં.૨ નાએ જમીન ઉપર આવી તેઓને જણાવેલ કે સદર જમીનોનો માલિક હુ શુ , તમારા બાપે જમીનનો દસ્તાવેજ કરી વેચાણ આપી દીધી હોઈ,

જમીનનો કબજો સોંપી દેવા, નહિ તો ટાંટીયા તોડી હાથમાં આપી દેવાની ધમકીઆપેલી અને અને અપશબ્દોથી હકીકત જણાવતા વાદીઓએ પ્રતિવાદીને જણાવેલ કે અમારી આ સંયુકત મીલકત છે જેમા પ્રતિવાદીનં.૧નો કોઈ સ્વતંત્ર હકક સિસ્સો નથી કે દાવાની જમીનોમાં અમારા કોઈપણનો સ્વતંત્ર હકક હિંસ્સો નકકી થયેલો નથી જેથી પ્ર તિવાદીનં.૧ નાએ તમોને લખી આપેલ લખાણ શરૂઆતથીજ રદ બાતલ છે અને વ્યર્થ છે વિગેરે હકીકતો જણાવેલ અને વાદી પ્રતિવાદીનં.રની ધમકીને વશ થયેલા નહી ત્યારપછી આ કામના પ્રતિવાદી નં.ર તેઓને હેરાન પરેશાન કરે છે અને તેમના કુટુંબને રંજાડે છે. પ્રતિવાદી નં.રનાએ પ્રતિવાદી નં.૧ની પાસેથી દાવાવાળી ખેતીની જમીનનો છળપૂર્વક અને કપટયુકત વર્તનથી તેમના લાભમાં બીન અવેજી રજી. દસ્તાવેજ કરાવી લીધો છે, જે ગેરકાયદેસરના દસ્તાવેજને રદબાત લ ઠરાવવા માટે વાદીઓએ હાલનો દાવો કરેલો છે અને દાવો ચાલતાં દરમ્યાન કામચલાઉ મનાઈહુકમ મેળવવા હાલની અરજી આપેલ છે, વાદીનોઓ પ્રથમ દર્શનીય કેસ છે અને સગવડતા–અગવડતાનું પલ્લું પણ વાદીના લાભમાં છે, જો દાવાવાળી જમીન અંગે પ્રતિ. નં.રની સામે મનાઈહુકમ ફરમાવવામાં આવે તો તેમને કોઈ નુકશાન થવાનુ નથી, પરંતુ જો તેમ નહિ કરવામાં આવે તો વાદીઓને નાણાંથી પણ બદલો ના વળે તેવું ભયંકર નુકશાન થશે તેમજ તેઓની આજીવીકાની મીલકત પ્રતિ.નં.રનાઓ રફેદફે કરી નાંખશે. તેમ જણાવી આ દાવો ચાલતાં દરમ્યાન આ કામના પ્રતિવાદી નં.ર પોતે કે તેમના મળતીયાઈસમો, એજન્ટો કે નોકરોને વાદીઓ તથા પ્રતિ.નં.૧ની દાવા–વાળી સંયુકત માલીકીની જમીનના શાંત પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈપણ પ્રકારે હેલો હરકત કરે–કરાવે નહિ કે ડખલ, અડચણ કરે–કરાવે નહિ તેમજ આ કામના પ્રતિવાદી નં.ર વાદીઓ તથા પ્રતિ.નં. ૧ સિવાય બીજી કોઈપણ વ્યકિત સાથે મીલકત બાબતે કોઈપણ જાતના વ્યવહાર કરે–કરાવે નહિ કે કબજો તબદીલ કરે–કરાવે નહિ તેવો કામચલાઉ મનાઈહુકમ આ દાવાના આખરી નિકાલ થતાં સુધી તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

ર. વાદીની ઉપરોકત મનાઈઅરજી આવતાં પ્રતિવાદીઓ સામે અરજન્ટ કારણ દર્શક નોટીસ કાઢવામાં આવેલી, જે પ્રતિવાદીઓને બજી જતાં, પ્રતિાવાદી નં. ૧નાએ તેમના વકીલશ્રી મારફતે હાજર થઈ, વાદીની આં–પની અરજી વિરુઘ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૬થી રજુ કરી જણાવેલ છે કે, આ વાદીઓ તેમના પુત્રો થાય છે અને પોતે તથા મંજુલાબેન વરસોથી વાદીઓ સાથે રહે છે અને વાદીઓ તેઓની સંભાળ રાખે છે, તેઓ છેલ્લા દસેક વર્ષથી શરીરે અશકત છે તેમજ મનનું સંપૂર્ણ સાવધપણું નથી, પોતે ઝાઝુ ભણેલા નથી, તેઓને ફકત સહી કરતા આવડે છે, દાવાવાળી જમીનો તેઓની વડીલોપાર્જીત વારસાઈ હકકની ખેતીની જમીન છે, જમીનનો કબજો ભોગવટો તેઓનો છે, જમીનના વારસાઈ હકકે હીસ્સા નકકી થયેલા નથી અને કોઈપણ વ્યકિતનો સ્વતંત્ર ભોગવટો કે માલીકી હકક નથી, પેરા–રમાં જણાવેલ રાયસીહ ડાભઈભાઈ પરમારનુ પેઢ

ીનામું સાચું છે, હાલમાં રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી જમીન ફકત તેઓના નામે ચાલે છે તેમજ તમામ સરકારી જમીન મહેસુલ તેઓ ભરે છે. મનાઈ અરજીના પેરા–૩, ૪ની હકીકત સાચી છે, પેર–૫ની હકીકત અંગે ખરી હકીકત એવી છેકે, પ્રતિવાદી નં.૨નાએ સને ૨૦૦૦માં પોતાનું નવું મકાન બનાવવા માટે રુપિયાની જરુર પડતાં ધી અંકલ ેશ્વર નાગરિક સહકારી બેંક લીમી.માંથી લોન લેવાનું નકકી કરેલ અને લોન લેવા માટે જમીનદારોની જરુર પડતાં, તેઓને જણાવતાં તેઓ લોનના કામે જામીનદાર તરીકે રહેલા અને તેમના કામે સાથે લઈ જતા હતા અને પ્રતિવાદી નં.૨નાને બેંકમાં લોનના કામે જયાં જયાં સહીઓ કરવાની કહેતાં ત્યાં ત્યાં સહીઓ કરી આપેલી, તેઓ ઝાઝુ ભણેલા નથી અને લખી–વાંચી શકતા નથી, જેથી જે કાગળોમાં પ્રતિવાદી નં.૨નાએ સહી કરાવેલ તે શાના કાગળો છે તેની તેઓને ખબર નથી અને સદર લોનના કામે જરુર છે તેવું કહી ત્યારપછીના ઘણાં વખત પ્રતિવાદી નં.૨ તેઓને જંબુસર મુકામે લઈ જતા હતા અને બેંકના કામે તમારી સહીઓની જરુર છે તથા બેંકનું લેણું મેં ભરેલું નથી, જેથી મારી જમીન હરાજ થઈ જશે, જેથી તમારે મને સાથ આપવો પડશે, તમે મારા જામીનદાર છો, જેથી પ્ર તિવાદી નં.૨નું અહીત ન થાય તે માટે પ્રતિવાદી નં.૨નાએ જયાં જયાં અને જે જગ્યાએ કહે તે કચેરીમાં જઈ કાગળો પર સહીઓ કરવાનું કહેતાં ત્યાં તેમન સહી–અંગુઠા કરતા હતા, પરંતુ સદર કાગળોની સાચી સમજ પ્રતિવાદી નં.૨નાએ તેઓને આપેલી નહીં અને તેથી પ્રતિવાદી નં.૨નાએ વિશ્વાસઘાત અને દગાનું કૃત્ય કરેલ હોય તો તે પ્ર તિવાદી નં.૧નાએ કબુલ મંજુર નથી. તેઓ મોજે બોજદરા, તા. જંબુસર, જી. ભરુચ મુકામે ગામ નમુના નં. ૮–અની ખાતા નં. ૧૦૬થી બ્લોક નં. ૯ અ તથા ૯ બ વાળી વડીલોપાર્જીત વારસાઈવાળી જમીનોનું વાદીઓ સાથે સંયુકત કબજા ભોગવટામાં જાતે ખેતીકરી ઉત્પન્ન લે છે. પ્રતિવાદી નં.૨નાએ તેઓ પાસેથી છળકપટપૂર્વક દગાથી તથા વિશ્વાસઘાત કરીને તા. ૨૭–૫–૦૫ના રોજ દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૯૧ કોઈપણ જાતના અવેજ ચુકવ્યા સિવાય  તેમજ તેઓની મુકત સંમતિ સિવાય છેતરપીડીથી કરાવી લીધેલો છે, જે દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે તેઓએ રે. મુ. નં. ૧૩૧/૧૧નો દાવો દાખલ કરેલો છે, જે હાલ ચાલું છે. દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તેઓએ કે વાદીઓએ કોઈપણ ઈસમને સોંપેલો નથી, તેઓનો સંયુકત કબજો ભોગવટો ચાલ્યો આવે છે અને તઓ જાતે ખેતી કરી ઉત્પન્ન લે છે. પ્રતિવાદી નં.૨નાએ દાવાના પ્રોસેસ સમયે તથા કોર્ટ કમીશ્નર ધ્વારા પંચકયાસ અંગે નોટીસની બજવણી સમયે પ્રતિવાદી નં.૨નાએ તેઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપીને કબજો ગેરકાયદેસર રીતે છીનવી લેવાની કોશિશ કરતા પંચકયાસની તારીખના આગલા દિવસે તેઓએ જંબુસર પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી, જેથી તેઓ તથા વાદીઓ પંચકયાસના સ્થળ ે હાજર રહી શકેલા અને નામ.કોર્ટની કાર્યવાહીમાં મદદરુપ થઈ શકેલ, તેઓ તથા વાદીઓનો શાંત તથા પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદી નં. ૧નાએ વાદીઓએ મનાઈ અરજીમાં માંગેલ દાદ

મંજુર કરવા વિનંતી કરેલ છે.

૩. પ્રતિવાદી નં. ૨નાએ તેમના વકીલશ્રી મારફતે હાજર થઈ, વાદીની આં–૫ની અરજી વિરુધ્ધ પોતાનો લ ેખીત જવાબ આંક–૨૬થી રજુ કરી જણાવેલ છે કે, વાદીનો દાવો તથા મનાઈઅરજી ખરાં ન હોઈ, પ્રથમ દર્શને જ રદ થવાને પાત્ર છે, વાદીને દાવો કરવાનો કોઈ અધિકારનથી સમય મર્યાદાના કાયદાનો બાધ નડે છે.સત્ય હકીકતો છુપાવી દાવો કરેલ છે વાદીની મનાઈઅરજીના પેરા–૧માં જણાવેલ હકીકત જેવી કે, દાવાવાળી જમીન વાદીઓના પરદાદાની વડીલોપાર્જીત જમીન હોવાની હકીકતો ખરી નથી, વાદીઓ સાથે પ્રતિવાદી નં.૨ તેઓના પિતા થતા હોવાની તેમ તેઓની માતા નામે મંજુલાબેન હોવાની હકીકત ખરી છે, પરંતુ તે સિવાયની હકીકતો ખરી નથી, મનાઈ અરજીના પેરા–૨થી જે પેઢીનામું દર્શાવેલ છે, તે બાબતે કોઈ લેવાદેવા નથી, જયારે મનાઈ અરજીના પેરા–૩ની હકીકતો વાદીએ સાબિત કરવી જોઈએ તથા મનાઈ અરજીના પેરા–૪માં જણાવેલ હકીકતો જેવી કે, વાદીઓ અને પ્રતિવાદી નં. ૧ની વડીલોપાર્જીત વારસાઈ ખેતીની જમીન તેઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાની, એ પોતે જાતે ખેતી કરતાહોવાની, ચાલુ સાલે તેમાં કાપાસ અને તુવેરનો પાક કરેલાની હકીકતો ખરી નથી, સદર જમીનોના ખાતા નં. ૧૦૬ હોવા બાબતે તેઓને તકરાર નથી, પરંતુ સદર જમીનનો માલીકી કબજો ભોગવટો પ્રતિવાદી નં.૨નો છે, તે સિવાયની પેરા–૪ની હકીકતો ખરી નથી અને તેનો તેઓ સ્પષ્ટપણે ઈન્કાર કરે છે તેમજ મનાઈ અરજીના પેરા–૫માં જણાવેલ હકીકતો પણ ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી, વાદીઓએ મનાઈ અરજીના પેરા–૬માં જણાવેલ છે, તેવું કોઈ કારણ વાદીઓના લાભમાં ઉત્પન્ન થયેલ નથી, પરંતુ વાદીઓએ દાવો કરવાના બદઈરાદે ઉપજાવી કાઢેલ છે, જે તેઓને કબુલ નથી અને મનાઈઅરજીના પેરા–૬માં જણાવેલ હકીકત જેવી કે, વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાની હકીકત ખરી નથી, વાદીએ મનાઈ અરજીના પેરા–૭માં જે આક્ષેપો કરેલો છે તે વાહીયાત અને ખોટા છે અને ન્યાયની સમતુલા વાદીઓના લાભમાં નથી, વાદીઓએ મનાઈ અરજીના પેરા–૮માં જણાવ્યા અનુસારદાવામાં પુરતી કોર્ટ ફી ભરેલ નથી કોઈ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ નથી તેમજ મનાઈ અરજીના પેરા–૯માં માંગ્યા મુજબની કોઈ દાદ વાદીને આપી શકાય તેમ નથી.

પ્રતિવાદી તેના લેખીત જવાબમાં વધુમાં સત્ય અને વિશેષ હકીકતો જણાવતાં એવું જણાવે છ કે, વાદીઓ પ્ર તિવાદી નં.૨ના કાકાના દિકરાં થાય છે અને પ્રતિવાદી નં. ૧ એ પ્રતિવાદી નં.૨ના કકા થાય છે, જયારે પ્રતિવાદી નં.૨ મોજે બોજાદ્રા ખાતે રહી ખેતી કરી તેમનું ગુજરાન ચલાવે છે, આ કામના પ્રતિવાદી નં.૧ને ઘર ખર્ચ માટે તથા તેની ખર્ચ માટે નાણાંની જરુર પડતાં તેઓ તથા વાદીઓ પ્રતિવાદી નં.૨ પાસે આવેલા અને પ્રતિવાદી નં.૨ને નીચેની વિગતે જણાવેલ જમીન પોતે વેચાણ કરવા માંગછે ,તેવી દરખાસ્ત પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી

નં.૨ સમક્ષ મુકેલી.

જમીનની વિગતઃ–

| સર્વે નંબર/બ્લોક નંબર | હે. આરે. ચોમી. | આકાર |
|---|---|---|
| ૯ અ | ૪–૭૧–૪૫ | ૪૪–૧૧ |
| ૯ બ | ૧–૫૦–૨૦ | ૧૨–૦૦ |

ઉપરોકત ખેતી વિષયક જમીનો વેચવાનો પ્રસ્તાવ પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી નં.૨ સમક્ષ મુકેલો અને પ્રતિવાદી નં.૨ને જણાવેલ કે, આ જમીનની જોડાજોડ તમો પ્રતિવાદી નં.૨ની જમીન આવેલી છે, જેથી સદર જમીન વેચાણ લેવાનો પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી નં૨ને આગ્રહ કરેલો અને પ્રતિવાદી નં.૨ અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે સદર જમીનોની કુલ વેચાણ કિંમત રૂા. ૯૩,૩૦૦/– નકકી થયેલી અને સદર કિંમત જે તે વખતે ચાલતી બજાર કિંમત કરતાં વધુ હતી, તેમછતાં સદર જમીનોના પ્રતિવાદી નં.૨નાએ પુરેપુરી કિંમતનો અવેજ રૂા. ૯૩,૩૦૦/– પ્રતિવાદી નં.૧ને રોકડા હાથોહાથ ચુકવેલ છે અને તેના બદલામાં પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી નં૨ને તા. ૨૭–૫–૨૦૦૫ના રોજ સદર જમીનોનો સબ રજીસ્ટ્રારકચેરી, જંબુસર ખાતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વાદીઓની જાણ અને માહિતી હેઠળ કરી આપેલ છે, પ્રતિવાદી નં. ૧ તનમનથી સંપૂર્ણ તંદુરસ્ત છે,તેઓને વાંચતા–લખતાં આવડે છે અને તેઓએ સદર દસ્તાવેજાં પોતાના સંપૂર્ણ તનમનના સાવધપણામાં, બિન કેફે વાંચી–વંચાવી પોતાની રાજીખુશીથી સ્વેચ્છા અને મુકત સંમતિથી સહી અંગુઠા કરી અપી શાખો રુબરુ સદર દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રી, જંબુસર સમક્ષ પોતે હાજર રહીને કરી આપેલ છે અને અવેજની સંપૂર્ણ રકમ પણ સ્વીકારેલ છે, જેથી તે જ દિવસથી સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ના સંપૂર્ણ અને પ્રત્યક્ષ કબજા ભોગવાટામાં સોંપેલ છે અને તે દિવસથી દાવાવાળી જમીનોના પ્રતિવાદી નં.૨ સંપૂર્ણ અને પ્રત્યક્ષ માલિક બનેલા છે અને સદર જમીનોમાં પ્રતિવાદી નં.૨ વાવણી કરી, મહેનત કરી, પાક પકવે છે અને તેનું ઉત્પન્ન લ ે છે અને દાવાવાળી જમીનોનાં તમામ વેરાઓ પ્રતિવાદી નં.૨ ભરે છે અને જમીન રાખી તે જ દિવસથી પ્રતિવાદી નં.૨ પ્રત્યક્ષ ખેડકબજમાં હોય તેઓને કોઈએ અટકાવેલ નથી અને અટકાવવા અધિકાર પણ નથી, પ્રતિવાદી નં.૧નાએ તા. ૨૭–૫–૦૫ના રોજ કરી આપેલ રજી. દસ્તાવેજ વિરુઘ્ધ કાંઈક હેવા કે કરવા હવે વાદીઓને કે પ્રતિવાદી નં.૧ને કોઈ જ અધિકાર નથી, પરંતુ વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ની દાનત હાલમાં ભ્રષ્ટ થયેલ છે અને હાલમાં જંબસર તાલુકાને એસ.ઈ.ઝેડ જાહેર કરેલ હોઈ અને છેલ્લા પાંચ કે વર્ષથી જમીનનો ભાવ વધી ગયેલ હોઈ, જેથી પ્રતિવાદી નં.૧ અને તેના પુત્ર એટલે કે વાદીઓએ ભેગા મળી પ્રતિવાદી નં.૨ સામે ક ાવતરું કરી સદર જમીન યેનકેન પ્રકારે પાછી લેવા માંગે છે.

તેઓ વધુમાં તેમના જવાબમા જણાવે છે કે પ્રતિવાદીન.૧નાએ જમીન વેચાણ આપ્યા પછી કયારેય વાદીઓ કે પ્રતિવાદીનં.૧ના કબજામાં નથી વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી પ્રતિવાદીનં.૧નાએ પ્રતિવાદીનં.૨ ને દસ્તાવેજ કરી આપ્યા બાદ વાદઓ કે પ્રતિવાદીનં.૧નાએ આજ દિન સુધી કોઈ નોટીસ આપેલ હોય કે ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી પ્રતિવાદીનં.૧ પ્રતિવાદીનં.૨ ની પાસેથી જમીનોની પુરે પુરી કિંમતો લઈ રજી.વે.દસ્તાવેજ વાદીઓની જાણ અને સમંતિથી કરી આપેલ છે કયારેય

વધુમાં હાલના પ્રતિવાદી નં.૧નાએ પ્રતિવાદી નં.૨ સામે મે. જંબુસરના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.મુ.ન. ૧૩૧/૧૧થી દાવા અરજીમાં જણાવેલ જમીનોનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા હકકસ્થાપન તથા કાયમી મનાઈહુકમ તથા દરમ્યાન મનાઈહુકમ મેળવવા દાવા અરજી તથા દરમ્યાન મનાઈ અરજી કરેલ છે, જે નામ. કોર્ટમાં પેન્ડીગ છે, તેમછતાં પ્રતિવાદી નં.૧નાએ હાલનો દાવો તથા દરમ્યાન મનાઈ અરજી કરેલ છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદી નં.૨નાએ વાદીઓની હાલની દરમ્યાન મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અને પોતાને કોમ્પનસેટરી કોસ્ટ અપાવવા વિનંતી કરેલ છે.

૪. વાદી તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧) નિ. ૩/૧થી ગામ નમુના નં. ૮–અના ઉતારાની ઝેરોક્ષ,

(૨) નિ.૩/૨થી ગામ નમુના નં. ૭/૧૨ના ઉતારાની ઝેરોક્ષ,

(૩) નિ. ૩/૩થી ગામ નમુના નં. ૭/૧૨ના ઉતારાની ઝેરોક્ષ,

(૪) નિ. ૩/૪થી ગામ નમુના નં. ૬ હકકપત્રકની ઝેરોક્ષ,નોંધ નં.૧૪૦૫.

(૫) નિ. ૩/૫થી મહેસુલ ભર્યા અંગેની પાવતીની ઝેરોક્ષ,

(૬) નિ. ૩/૬થી ગામ નમુના નં.૬ નોંધ નં. ૩૦૦૪ની ઝેરોક્ષ,

(૭) નિ. ૩/૭થી વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ,

૫. પ્રતિવાદી તરફે આંક–૩૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧) નિ. ૩૩/૧થી ખાતા નં.૧૦૬માં શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચની ઝેરોક્ષ,

(૨) નિ.૩૩/૨થી ખાતા નં.૧૦૬માં મહેસુલ ભર્યાની પહોંચની ઝેરોક્ષ,

(૩) નિ. ૩૩/૩થી નિ.૩૩/૬ સુધી ખાતા નં.૧૦૬માં મહેસુલ ભર્યાની પહોંચની ઝેરોક્ષ,

(૪) નિ. ૩૩/૭થી નિ. ૩૩/૧૧ સુધી ધી ગુજ. સ્ટેટ કો.ઓ. એગ્રી એન્ડ રુરલ ડેવ. બેંક લી,જંબુસરમાં હપ્તો ભર્યા અંગેની પહોંચની ઝેરોક્ષ નકલ.

૬. આ કામે વાદીઓ તરફે વિ.વ.શ્રી કે. આર.પુરોહીતનાઓએ આંક–૩૧થી લેખીત દલીલો રજુ કરેલ છે,તથા પ્રતિવાદી નં.૨ તરફે વિ.વ.શ્રી એ. એસ. કરમાડવાલાની મૌખિક દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૭. પક્ષકરોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલિલોનાં આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીની અરજી મંજુર થવાપાત્ર છે ?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાં પરત્વેનાં મારા નિર્ણયો તથા તે પરત્વેના મારા કારણો હું નીચે મુજબ આપું છું.:–

–:: નિ ર્ણ યો .

(૧) નકારાત્મક.

(૨) છેવટના હુકમ મુજબ.

૯. ઉપરોકત તમામ મુદાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટિએ એકબીજાની સલંગ્ન હોય ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**:કારણો:**

**મુદ્દા નં.૧ થી ૩**

૧૦. એ સ્વિકૃત છે કે, વાદીઓએ હાલની અરજી થી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે,જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે.આમ છતા ,આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતો ને ધ્યાને લેવાના રહે છે.એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનારપક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ધ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ પ્રથમ દર્શનિય રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બનેછે. એ પણ સ્થાપિત છે કે, ઉપરોકત પૈકી કોઈપણ એક તત્વ ની ગેરહાજરી મા પણ સમન્યાયની દાદ આપી શકાય નહી. એ પણ સ્વીકૃત છે કે,

અદાલત સમક્ષ શુધ્ધબુધ્ધિપુર્વક કે ચોખ્ખા હાથે ન આવનાર તેમજ મહત્વની હકીકતો છુપાવનાર પક્ષકાર આવી દાદ મેળવવા અપાત્ર બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુછું.

૧૧. હાલનો દાવો વાદીઓએ આ કામના પ્રતિવાદીનં.૨ ના એ પ્રતિવાદીનં.૧ પાસે છળકપટ કરી ખોટી રીતે દાવાવાળી જમીનનો દસ્તાવેજ કરાવી લીધેલ હોય તે રદ કરવા અને દાવાવાળી જમીન ઉપર વાદીઓ તથા પ્ર તિવાદીઓના કબજામાં હોય તે કબજો પ્રતિવાદીનં.૨ના પડાવી ન લેકે જમીન કોઈ અન્ય ત્રાહિતને ટ્રાન્સફર ન કરે તે માટે કરેલ છે

૧૨. આ કામે વાદીઓએ તેમનો પ્રાયમાફેસી કેસ સાબિત કરવા માટે જે દસ્તાવેજો આ કામે રજુ કરેલ છે તેનો અભ્યાસ કરતા તેમની ની અરજી ના સમર્થન માં નિ. ૩/૧થી ગામ નમુના નં. ૮–અના ઉતારાની નકલ રજુ કરેલ છે તે વંચાણે લેતાજેમા પ્રતિવાદીનં.૧નુ નામ દર્શાવેલ છે તે નકલ તા.૯–૧૧–૧૦ ની સ્થિતિની છે, નિ. ૩/૨ તથા નિ૩/૩થી દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૭/૧૨ના ઉતારાની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે જે વંચાણે લ ેતા તે નકલો દાવાવાળી બ્લોક/સર્વેનં.૯ બ ની છે તે તા.૯–૧૧–૧૦ ની સ્થિતિની છે જેમા પ્રતિવાદીનં.૧નુ નામ દર્શાવેલ છે પરંતુ તેમા વર્ષ ૨૦૦૮–૨૦૦૯ તથા૨૦૧૦–૨૦૧૧ મા ખેડૂતનાનામની કોલમમાં માહિતી નથી તેવુ જણાવેલ છે જેથી ઉપરોકત વર્ષો દરમ્યાન વાદીઓ તથા પ્રતિવાદી સદર જમીન ખેડતા હોવાનુ માની શકાય તેમ નથી તેમજ ઉપરોકત દસ્તાવેજો તા.૯–૧૧–૧૦ ની સ્થિતિના હોય હાલનો દાવો વાદીઓએ સને ૨૦૧૩ માં દાખલ કરેલ છે પરંતુ સને ૨૦૧૩ ના કોઈ દસ્તાવેજ વાદીઓ તરફે રજુ કરવામાં આવેલ નથી જેથી હાલ ે દાવાવાળી જમીનમાં વાદીઓ કે પ્રતિવાદીનં.૧નો કબજો હોવાનો કોઈ દસ્તાવેજી આધાર રજુ થયેલ નથી.તેમજ સર્વેનં.૯ અ ના ગામ નમુના નં. ૮–અ કે ૭/૧૨ના ઉતારાની નકલો રજુ કરેલ ન હોય તેના ઉપર પણ વાદીઓ કે પ્રતિવાદીનં.૧ નો કબજો હોવાનુ માની શકાય તેમ નથી તેમજ વાદઓ તરફે નિ.૩/૪ થી રજુ કરવામાં આવેલ નોધનં.૧૪૦૫ વાળો દસ્તાવેજ વંચાણે લેતા તેમા વારસાઈ હકકે પ્રતિવાદીનં.૧ તથા પ્રતિવાદીનં.૨ ના પિતાના ભાગે આવેલ જમીનની નોધ છે પરંતુ સદર નોધમાં હાલની તકરારી દાવાવાળા સર્વે નં.૯અ તથા ૯બ નો ઉલ્લેખ હોવાનુ જણાઈ આવતુ નથી નિ. ૩/૫થી મહેસુલ ભર્યા અંગેની પાવતીની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે પરંતુ તે સને ૨૦૧૦ ની સાલની છે ,નિ. ૩/૬થી ગામ નમુના નં.૬ નોંધ નં. ૩૦૦૪ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તે વંચાણે લેતા તે નોધ દાવાવાળી જમીન ઉપર બોજો હોવાથી રદ થયેલ નુ જણાવેલ છે જેથી નોધનં ૩૦૦૪ વાદીઓના જણાવ્યા મુજબ તેમણે વાંધો લીધેલ હોય રદ તથેલ છે તે હકીકતને સમર્થન આ દસ્તાવેજ જોતા મળતુ નથી.

વાદીઓ ના જણાવ્યા મુજબ પ્રતિવાદીનં.૨નાએ છળકપટ અને તેમના પિતાની અભણતાનો લાભ લઈ ખોટી રીતે દસ્તાવેજ કરાવી લીધેલ છે પરંતુ તેમની અરજી કે

દાવામાં તેઓ પ્રતિવાદીનં.૧ની સાથે પ્રતિવાદીનં.૨ નાએ કેવી રીતે છળ કપટ કરેલ છે તે જણાવતા નથી પરંતુ આ કામે પ્રતિવાદીનં.૧ નાએ જે જવાબ રજુ કરેલ છે તેમા પ્રતિવાદીનં.૧ જણાવે છે કે બેન્કમાં લોન લેવાનુ જણાવી પ્ર તિવાદીનં.૨નાએ તેમને કાગળો ઉપર સહી ઓ કરાવી ખોટો દસ્તાવેજ કરી લીધેલ છે પરંપુ પ્રતિવાદીનં.૧ની તે હકીકત માની શકાય તેમ નથી કારણકે વાદીઓનાજ જણાવ્યા મુજબ તેમના પિતાએ દાવાવાળી જમીનમાં લોન લીધેલ છે.તેમજ વાદીઓ તરફે એવી દલિલ કરવામાં આવેલ છે કે તેમના પિતા ને સહી કરતાજ આવડતુ હોય તેમને વાચતા આવડતુ ન હોય તેનો લાભ લઈ પ્રપિવાદીએ ખોટો દસ્તાવેજ કરાવી લીધેલ છે તે હકીકતો પણ માની શકાય તેમ નથી કારણકે વાદીઓના કહેવા મુજબ તેમના પિતાએ દાવાવાળી જમીન ઉપર ઘણા વર્ષો પહેલા લોન લીધેલ હતી આમ જો પ્રતિવાદીનં.૧ નાએ જુદી જુદી સંસ્થાઓમા લોનો લીધેલ હોય તો તે લોનો મેળવવા માટે સંસ્થાઓમા ગયેલ હોય અને તેના નિયમો વાચેલા હોય અને તેમા પણ સહીઓ કરેલ હોય જેથી પણ વાદઓની તેમના પિતાને વાચતા આવડતુ નથી તેવી દલિલ ટકવા પાત્ર નથી.આ કામે વાદીઓ સદર દાવાવાળી જમીન તેમની વડીલો પાર્જીત જમીન આવેલ હોવાનુ જણાવે છે પરંતુ તેઓ એ તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો અત્રેની અદાલતમાં રજુ કરેલ નથી.તેમજ આ કામે વાદીઓ તરફે નિ.૩/૭થી વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે આ સંજોગોમાં આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઊભું થયેલ કાનુની અનુમાનનો જયાં સુધી ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી યથાવત રહે છે. આ રજીસ્ટ્રેશન પાવતી સાથે દસ્તાવેજ જોતાં તેરજીસ્ટર્ડ થયાનું જણાય છે. આ દસ્તાવેજમાં હાલના પ્રતિવાદી નં.: ૧ તથા પ્રતિવાદીન.૨ની તથા સાક્ષીઓની ની સહીઓ જણાય છે.વાદી ઓ તરફે આ દસ્તાવેજ રજીસ્ટર્ડ નથી કે તેમાની સહી તેમની નથી અથવા તો બનાવટી ઊભી કરવામાં આવેલી છે , તેવી કોઈ તકરાર લીધેલી નથી. તેઓએ માત્ર પ્રતિવાદીનં.૧નાએ આવો દસ્તાવેજ કરી આપ્યાનો ઈન્કાર કરેલ છે. હવે , આ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેલ છે ત્યારે તે યોગ્ય રીતે કરવામાં આવેલ હોવાનું એવું કાનુની અનુમાન દસ્તાવેજની તરફેણમાં ઊભું થાય છે. સ્વિકૃતપણે આ અનુમાન ખંડનને પાત્ર છે , પરંતુ તેનું ખંડન માત્ર મૌખિક ઈન્કારથી નહી " કોજન્ટ એવીડન્સ" થી થઈ શકે , જે નિશ્ચિતપણે પુરાવાનો વિષય છે. આ સંજોગોમાં ઉપરોકત તમામ વહેવારોથી બન્ને વાદીઓ તેમના પિતા સાથે સંયુકત કુટુમ્બમા રહેતા હોય સાવ અજાણ હતા , તેવું પણ પ્ર થમદર્શનિય માની શકાય તેમ નથી.

વાદીઓ તરફે મુખ્ય દલિલ એવી છે કે દાવાવાળી જમીન મા રેવન્યુ રેકર્ડ મા તેમના નામ ચાલેછે તેથી તેઓ માલિક અને કબજેદાર છે હું એ હકીકત સ્વિકારું છું કે , રેવન્યુ એન્ટ્રી તે મિલ્કત પરત્વેના અધિકારો કે ટાઈટલ નકકી કરવા માટે નિર્ણાયક પુરાવો નથી કેમ કે તે માત્ર મહેસુલી ઉદ્દેશથી કરાતી એન્ટ્રીઓ છે. નામ. વડી અદાલતોના અનેક ચૂકાદાંઓથી આ હકીકત સ્થાપિત કાનુન છે અને તે બાબતે કોઈ જ તકરાર નથી. જો કે , રેવન્યુ

એન્ટ્રી માત્રથી જ વાદીઓને મિલ્કતમાં કાનુની અધિકારો મળે તેવી રજાુઆત કરનારવાદીઓ ધ્વારા પણ, રેવન્યુ રેકર્ડથીમ્યુટેશન એન્ટ્રીઓ સિવાય એવો કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જે એવું સાબિત કરે કે દાવામાં દર્શાવેલ મિલ્કતો વાદીઓના કબજામા હોય પુરાવાની ગેરહાજરીમાં,માત્ર રેવન્યુ રેકર્ડમાં,પ્ર તિવાદીનં.૧નુ નામ ચાલતુ હોય તે આ દાવાવાળી જમીનો તેમના કબજામા છે તેવું માનવા " કોન્કલ્યુસીવ પ્રુફ" ગણાય નહી, કેમ કે રેવન્યુ એન્ટ્રી માત્ર મહેસુલના હેતુ માટે જ હોયછે

આ કામે પ્રતિવાદીનં.૨ના વકીલશ્રી ની દલિલ છે કે વાદીઓ અને પ્રતિવાદીનં.૧ના જણાવે છે કે પ્ર તિવાદીનં.૧નાએ સદર હાલનો વે.દસતાવેજ રદ કરાવવા માટે બીજો દાવો રે.દિ.મુ.નં.૧૩૩/૧૧ નો પ્ર તિવાદીનં.૨ સામે પણ કરેલ છે અને જે દાવો જંબુસરના મે.ચોથા.એડી.સિવિલ જજ સાહેબની કોર્ટમાં ચાલવા ઉપર છે પરંતુ તેની કોઈ નકલ આ કામે રજુ કરેલ નથી કે તે દાવો હાલે કયા સ્ટેજ ઉપર ચાલે છે તે હકીકતો અત્રેની અદાલતથી છુપાવેલ છે.તેમજ તે દાવો ચાલુ હોવા છતા હાલનો દાવો વાદીઓ અને પ્રતિવાદીનં.૧ નાએ મેળાપીપણામાં કરેલ હોવાનુ જણાઈ આવે છે જેથી વાદીઓ અને પ્રતિવાદઓના જણાવ્યા મુજબ હાલની દાવાવાળી જમીનનો દસ્તાવેજ રદ કરાવવા માટે પ્રતિવાદીનં.૧નાએ દાવો કરેલ હોય અને તેમા નિર્ણય ન આવે ત્યાં સુધી આ દાવો ચાલી શકે નહી તથા મનાઈ હુકમ આપી શકાય નહી.પ્રતિવાદીનં.૨ના વિ.વકીલશ્રીની ઉપરોકત દલિલથી હુ સહમત થાઉછુ કારણકે સદર દસ્તાવેજ રદ કરાવવા હાલના દાવા અગાઉ બીજો દાવો થયેલ હોય તેનો ન્યાય નિર્ણય ન થાય ત્યા સુધી આ કામે કોઈ હુકમ કરવો ન્યાયિક ગણાશે નહી તેવુ મારુ માનવુ છે.

તેમજ આ કામે પ્રતિવાદીના વકીલશ્રી એ સદર કામે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નો મુદો લીધેલ છે અને જણાવેલ છે કે,વાદીના દાવાની હકીકત જોતા વાદીઓ પુકત વયના હોય અને તેઓ તેમના માતા પિતા સાથે સંયુકત કુટુમ્બમાં રહેતા હોય તેમને સદર જમીનના વ્યવહાર બાબતે જાણ ન હોય તે બની શકે તેમ નથી તેમજ તેઓ તેમના પિતાએ એકાદ વર્ષ પહેલા વાત કરતા તેમને ખબર પડેલનુ જણાવે છે તેમ છતા તેઓ તે સમયે દાવો કરતા નથી વાદીઓએ સાત વર્ષ બાદ હાલનો દાવો કરેલ હોય વાદીની અરજી ચાલી શકે નહી.પ્રતિવાદીનનં.૨ના વકીલશ્રી ની ઉપરોકત દલિલ સાથે પણ હુ સંમત થાઉછુ કારણકે વાદીએ આશરે સાત વર્ષ પછી હાલનો દાવો અને આ અરજી કરેલ છે જેને મારા નમ્ર મતે " **ડીલે એન્ડ લેચીઝ**" ના સિધ્ધાને ધ્યાને લેતા બાધ નડે છે. હું સમજી શકતો નથી કે વાદીઓએ તેમને ખબર પડતા તરતજ વાદીઓએ દસ્તાવેજ રદ કરાવવા અથવા તો પ્ર તિવાદીનં.૨નાઓ અન્ય કોઈને આ મિલ્કત તબદિલ ન કરે તેવો મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલી નથી. વાદીનું આ વર્તન અત્યંત અસ્વભાવિક જણાય છે અને ઘણાં લાંબા સમય સુધી તેઓ આ તકરાર સંબંધે જાગૃત ન રહયા તેવું જણાય આવે છે. આ મહત્વનો મુદ્દો ધ્યાને લેતા વાદી સમન્યાયીની આ દાદ મેળવવા હકકદાર નથી , તેવું માનું છું.

આ અદાલતના ધ્યાને ૧૯૯૬(૧) જી. એલ. એચ. પાન નં.:૧૭૯ ઉપર પ્રસિધ્ધ થયેલ વિતરાગ હોલ્ડીગ્સ પ્રા.લિ. – વિ. – ગુજરાત સ્ટેટ ટેકસટાઈલ કોર્પો. લિ. પર ચુકાદો આપેલ છે જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નામ. સુપ્રિમ કોર્ટના ૧૯૯૫ (૪) એસ. સી.સી. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – વિ રુ ધ્ધ – દિગંબર– પાન નં.: ૬૮૩ ઉપરના ચુકાદાનો ઉલ્લેખ કરી પારાઃ૮ માં એવું ઠરાવેલ છે કે ,:–

કરારના વિશિષ્ટ પાલન માટેનો દાવો થઈ શકતો હોવા છતાં કરેલ મનાઈ હુકમની માંગણી " ડીલે એન્ડ લેચીઝ" ના કારણોસર નામંજુર થઈ શકે."

ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે એવું પણ ઠરાવેલ છે કે :–

> Even so , in any case , inasmuch as this contract was terminated on 6th December 1003, it was expected of the appellant to move for specific performance at the earliest , if they were serious about the same . The appellants certainly cannot be non-suited on the ground of limitation inasmuch as their suit is within time . However , when it comes to grant of equitable relief when the suit is filed after such a lapse of time, it cannot be said that the remedy of interim injunction was the neccessary remedy and there was no other remedy available to the party concernde in this behalf.
>
> (Para 8)

આ સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનિય કેસ હોવાનું કહી શકાય નહી સગવડતા અગવડતાની દ્રષ્ટિએ વિચારીએ તો હાલમાં તકરારી મિલ્કતનો કબ્જો વાદીનો હોવાનુ જણાઈ આવતુ નથી. અને પ્રતિવાદી તરફે સમય મર્યાદા અંગે ખુબ જ મહત્વની રીતે તકરાર લેવામાં આવેલી છે અને વાદી ધ્વારા ૨૦૦૫ ના દસ્તાવેજ અંગે તેમના જણાવ્યા મુજબ પ્રતિવાદીએ એક વર્ષ અગાઉ તેઓને ધમકી આપેલ હોય તે સમયે દાવાનું કારણ ઉભું થયા પછી પણ આજ સુધી શા માટે તકરાર ઉઠાવવામાં આવેલ નથી તે અંગે કોઈ યોગ્ય ખુલાસો કરવામાં આવેલ નથી

ત્યારે હાલના તબકકે આ મિલ્કતની માલિકી અને કબ્જો વાદીઓનો છે તેં પ્રથમદર્શનિય જણાઈ આવતુ નથી, ત્યારે વાદીને માંગણી મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને હાલના તબકકે કોઈ અગવડતા પડે તેમ નથી કે નાણામાં નુકસાન જતું હોવાનું માની શકાય તેમ નથી. પ્રતિવાદીના વિ.વ.શ્રી કરમાડવાલાની એ દલીલ હું સ્વીકારું છું કે , સમય મર્યાદાનો પ્રશ્ન એ કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન છે. પરંતુ મે ઉપર દર્શાવ્યા મુજબ ડીલે એન્ડ લેચીઝને ધ્યાને લેતા આ કોર્ટ સમન્યાયની દાદનો ઈન્કાર કરે છે. એ સિવકૃત છે કે , મનાઈ હુકમ માટેના આવશ્યક તત્વો પૈકી કોઈ એકની પણ ગેરહાજરી હોય તો કોર્ટ સમન્યાયની દાદ આપી ના શકે તે રીતે પણ હાલની અરજી મંજાુર થવાપાત્ર નથી. આમ , સમન્યાયની આ દાદ મેળવવા જરુરી તમામ તત્વો તેમની તરફેણમાં હોવાનું વાદી ઓ સાબિત કરી શકતા નથી ત્યારે નીચે મુજબનો હુકમ કરું છું.

**–:: હુ ક મ. ::–**

વાદીઓની હાલની આંકઃ ૫ ની અરજી આથી નામંજાુર કરવામાં આવે છે.

ખર્ચ પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧૮ માહે ડીસેબ્મર સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date-18/12/2015
Place-Jambusar

(Mr.Valjibhai Shamjibhai patel)
2nd Additional Civil Judge,
Jambusar,
Cod.No.GJ01484.